
પત્ર
એક અનામિક
સંબંધનો
લેખક: ઈરફાન જુણેજા

# પત્ર એક આત્મિય સંબંધનો

ડિયર સંધ્યા,

આજે આટલા વર્ષો પછી હું એટલું તો તને સમજુ છું કે હું તને જે પણ કઈશ એનો જવાબ તું ખુબ વિચારી ને આપીશ, અને કદાચ મારા મતમુજબ એ ખોટું હશે તો પણ તું મને સુધારીશ અને પ્રેમ થી વાત સમજાવીશ..

તું મને ઘણાય સમય થી જાણે છે, કદાચ હું તને જાણતો ન હતો એ સમયે પણ બિંદિયા ની સાથે વાતો થી તુ મને જાણતી હોઈશ, એ સમય એ તું મારા વિશે શું વિચારતી હતી એનો અંદાજો તો મને નથી પણ આપણે ફેસબુક માં મિત્ર બન્યા એ એક મારા જીવન નો અમૂલ્ય ભાગ હું માનું છું.

સરૂઆત ની ફેસબુક ની વાતો માં હું તને મોટી બહેન કહેતો અને એ કેહવા માટે તેજ કહેલું કે બિંદિયા ની બેન થઇ ને હું તારી મિત્ર કેમ બની સકુ?

પણ સમય જતા તું મારી વાત થી સહમત થઇ ને હું તને મારી મિત્ર માનવાનો હક મેળવી શક્યો.

ખુબ જ ખુશી મળી મને તને મિત્ર ના રૂપ માં જીવન માં જગ્યા આપી ને અને તારા મન માં એક મિત્ર ની જગ્યા મેળવીને. સમય વીતતો ગયો ને આપણે ક્યારેક વાતો થતી તો ક્યારેક ના થતી એમ કરતા કરતા એક બીજા ને જાણતાં ગયા.

હવે સમય હતો મારા લગ્ન નો, મારે મારી આ અનોખી અને મારા દિલ ની ખુબ જ નજીક રહેલી મારી મિત્ર ને મારે મારા જીવન ના અમૂલ્ય ડગલાં ભરતાં સમય એ મારી સાથે જોવી તી જેથી હું પણ પોસિટીવ અનુભવું ને મને સાચી ને સારી સલાહ મળે. એટલે મન માં એક અનેરા આનંદ સાથે કંકોત્રી આપવાનું વિચાર્યું.

સમય નજીક હતો ને તને નવરાસ હશે કે નહિ એનો મને ખ્યાલ નતો પણ એક વિશ્વાસ હતો કે જીવન માં મારી

આ મિત્ર ને હું એકવાર રુબરુ જરૂર મળીશ એ વિચારી ને મેં તને મળવાનું નક્કી કર્યું ને સાંજ ના તે મળવાની હા પાડી, હું મારા લગ્ન ની ખરીદી નું થોડું કામ પતાવી ને તને મળવા આવ્યો.

તું ટ્રાફિક માં ફસાઈ હતી એટલે મેં તારી રાહ જોઈ , એ પળો માં મેં તને ઈમેજીન કરી, તું કેવી દેખાતી હોઇશ, કેવા કપડાં પહેરીને આવીશ, તારો વાસ્તવ માં અવાજ કેવો હશે, હું તારી સાથે વાત કરી સકિસ કે નઈ ને ઘણું

બધું. પછી થોડા જ સમય માં તારો ફોન આવ્યો ને એની થોડી જ ક્ષણો માં તું બ્લેક એક્ટિવા પર મને દેખાઈ, હલકા લીલા રંગ ની કુર્તી ને આંખો પર સ્પેક્સ લગાવેલા હતા, મોઢું દુપટ્ટા થી બાંધેલું હતું.

તું આવી ને ઉભી રહી ને કહ્યું બહુ રાહ જોવડાવી નઈ તને ને એ સબ્દો સાથે નાજુક હાસ્ય હતું, પછી તે કહ્યું ચાલ બેસી જા ક્યાં જવું છે ને આપણે જમવા ગયા.

એક્ટિવા પાર્ક કરી ને તે દુપટ્ટો દૂર કર્યો, ગુલાબની પાંખડી જેવા તારા કોમળ ગાલ ને લજામની ના છોડ ની જેમ સપર્સતાજ બિડાઈ જાય તેવી તારી સુંદર આંખો તારા ચેહરા ની રોનક વધારી રહી હતી, મને તારા સ્વભાવ નો તો ફેસબુક ને વોટ્સઅપ ની વાતો થી અનુભવ થઇ ગયો હતો ને હું પોતાને લકી માનતો હતો. પણ આજે તારા રૂપ ને જોઈને એક ગર્વ થતું હતું કે મારી મિત્ર આટલી સુંદર છે.

આપણે સાથે ડીનર કર્યું ને ઘણી વાતો કરી એ પછી આપણે મારા લગ્ન માં મળ્યા. તું આવીશ તને સમય હશે એનો મને ખ્યાલ ન હતો પણ તું મારા માટે સમય કાઢી ને આવી ખુબ જ સુંદર લાગી રહી હતી, એ સમય એ હું બધા મહેમાનો ના આવકાર માં વ્યસ્ત હતો એટલે મન ભરીને વાતો ના કરી સક્યો. પણ એ પછી તું મારી ઘરે આવી, મને ખુશી હતી કે મારી આ અનમોલ મિત્ર મારા માટે લકી ગર્લ છે ને એના આવવાથી મારા જીવન માં

ખુશીઓ આવશે. તે મારા લગ્ન માં રાત્રી સુધી સમય આપ્યો ને મારા માટે હાજર રહી એ જાણી ને પણ ખુબ જ ખુશી મળી. એક ચિંતા હતી કે તું ઘરે પહોંચી ગઈ હશે કે નઈ ને તને તકલીફ તો નઈ પડી હોય ને વગેરે-વગેરે...

પછી આપણે પાછા ચેટ માં જ વાતો કરવા લાગ્યા, ને ઘણા સમય પછી ફરીવાર રિવરફ્રન્ટ પર મળ્યા , બેસી ને ઘણી વાતો કરી, હું તારી સાથે હોઉં ત્યારે સાચે મનમાં એક અલગ જ

ખુશી હોય છે, સબ્દો નથી કે એને વર્ણવી સકુ, એ પછી આપણે વૃદ્ધાશ્રમ ગયા ને ત્યાં થી સાથે આઇસક્રીમ લેવા ગયા, એ સમય હું ખુબ ખુશ હતો કે આપણે સાથે સમાજ માટે કંઇક કરીયે છીયે ને તું પણ મારા જેવી જ છે.

બસ આજ રીતે ફરી એકવાર રવિવારે વૃદ્ધાશ્રમ માં તારી સાથે મુલાકાત થઇ ને પછી આપણે ત્યાંથી સાથે જમવા ગયા મ્યુન્સીપલ માર્કેટ , પાવભાજી ખાધી ને ઘણી વાતો કરી,

મને તારા એ કપડાં બૌ ગમ્યા. નારંગી કલર તારા પર ખુબ જ સરસ લાગે છે.

આ રીતે આપણે જીવન માં મળ્યા ને ચેટ માં વાતો કરી, સંધ્યા સાચું કંઉ તો તારા થી કઈજ વાત હું નથી છુપાવતો અને હંમેશા આમ જ બધી જ વાતો કહેતો રઈશ, મને નથી ખબર કે હું તને પ્રેમ કરું છું કે તારા પ્રત્યે આટલો લગાવ છે કે આપણી મિત્રતા એટલી ગાઢ છે કે આપણે એક બીજા ને ગમીએ, પણ હા જે પણ છે પવિત્ર

છે, અને આ સંબંધ નું નામ મને આ કાજલ ઓઝા ના સબ્દો માંથી જ મળ્યો, અને હું માનું છું કે આપની વચ્ચે આ ગાઢ મિત્રતા છે એ એક '**Platonic Relation**' જ છે. આ સબ્દ નો અર્થ મને નથી ખબર પણ કાજલ ઓઝા એ વર્ણવેલ સબ્દો પરથી કહું છું.

શું તું આ વાત માં મારી સાથે સહમત છે?

તારા જવાબ ની રાહ જોઇશ..

તારો પ્રિય મિત્ર,

**અવિનાશ...**

-----

લેખક: ઈરફાન જુણેજા

તા. ૨ જાન્યુઆરી ૨૦૧૮

-----